જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૨/૧૦/૨૦૧૮ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૨૦/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૮૭ લીટર દેશી દારૂ, ૧૩૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૨૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૦ બિયર ટીન, ૦૨ કાર, ૦૧ સ્કૂટર અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૬૦,૨૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૨૧/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૯૨૨/૧૮

**આનંદનગર** : જીગ્નેશભાઇ પ્રકુલભાઇ ઠાકર (ઉ.વ.૩૫)(રહે,સત્યદીપ હાઇટસ મકરબા) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે જુન/૨૦૧૮ થી તા.૦૧/૧૦/૨૦૧૮ દરમ્યાન આનંદનગર પ્રહલાદનગર શફલ પેગાસીસ, સેલ પેટ્રોલ પંમ્પ સામે ત્રીપોલી મેનેજમેંટ પ્રા.લી. ખાતે આરોપી (૧)પરેશકુમાર ડાહ્યાભાઇ પટેલ (૨) રમીલાબેન પટેલ (બંને રહે, તેજેંન્દ્ર બંગલો નિરાંત ચાર રસ્તા પાસે વસ્ત્રાલ) ભેગામળી પોતાના ધંધા સારૂ અવની વર્કસ નામની વેપારી પેઢી તરીકે ની બજારમાં ઓળખ ઉભી કરી, પૂર્વ આયોજીત કાવતરૂ રચી એસ.કે.રૂટીંગ કંપનીમાંથી એંજી મશીન, પ્લાસ્ટિક મશીન તથા પાર્ટસ ના કોટેશન બીલો રજુ કરી, જીગ્નેશભાઇની કંપનીને વિસ્વાસમાં લઇ લોન મંજુર કરાવી લોનના રૂપીયા ૪૦,૧૭,૨૯૩/- તથા વ્યાજ રૂપીયા ૨,૨૭,૬૪૬/- મળી કુલ રૂપિયા ૪૨,૪૪,૯૩૯/- ની મતા મેળવી લઇ, વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી ડી.વી.વાલાણી ચલાવે છે.

**જી.આઇ.ડી.સી.વટવા** : કૌશીકભાઇ રસીકલાલ ધૃવ (રહે,બંધન સોસાયટી તળાવ પાસે કેડીલા રોડ ઘોડાસર) એ તા.૦૧/૧૦/૧૮ નારોજ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૭/૨૦૧૮ રાતના ૮/૦૦ વાગ્યા પછી કોઇપણ સમયે અજાણ્યો હેકર વિશાલ વિકાસભાઇ શાહ (જેના પુરા નામ-સરનામાની ખબર નથી તે) પૂર્વયોજીત કાવતરૂ રચી, ખોટા ડોકયુમેંટ બનાવી તેના ખરા તરીકે ઉપયોગ કરી, નવુ સીમકાર્ડ મેળવી ઇલેકટ્રોનીકસ માધ્યમથી નેટનો ઉપયોગ કરી, કૌશીકભાઇની કંપનીનુ ઇ-મેઇલ આઇડી lub98af@vsnl.com. હેક કરી તેમના જી.આઇ.ડી.સી વટવા ફેઝ-૧ મા પ્લોટ આવેલ બેક ઓફ બરોડાના ખાતા નંબર.૧૫૯૬૦૨૦૦૦૦૪૯૭૬ માંથી તા.૦૪/૦૭/૨૦૧૮ ના રોજ રૂપિયા ૫,૩૬,૦૦૦/- તથા તા.૦૫/૦૭/૨૦૧૮ ના રોજ રૂપિયા ૪૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫,૭૭,૦૦૦/- નું ટ્રાન્ઝેકશન કરી મેળવી લઇ, કૌશીકભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એન.વાઘેલા ચલાવે છે.

**<u>લુંટ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૨૩/૧૮</u>**

**ઓઢવ** : પિન્કેશભાઇ હિમ્મતલાલ શાહ (ઉ.વ.૪૨)(રહે, કૃષ્ણનગર હાઉસીંગ બોર્ડ સૈજપુર બોઘા નરોડા રોડ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૧૦/૨૦૧૮ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે ઓઢવ સોનીની ચાલી ત્રીવેણી સ્ટીલની બાજુમાં વિભાગ-૨ ડાયમંડ મશીન ટુલ્સ દુકાન નં-૩ આગળ પ્લસર મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ પિન્કેશભાઇના હાથમાંથી રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- મુકેલ પ્લાસ્ટીકની થેલીની લુંટ કરી નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.જી.જાડેજા ચલાવે છે.

**<u>ઘરફોડ:-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૨૪/૧૮</u>**

**વેજલપુર** : નૈનાબહેન વા/ઓ સમીરભાઇ પાટિલ (રહે,શાંતિનગર એપાર્ટમેંટ શ્રીનંદનગર-૦૪ ની બાજુમા સનલ રોડ વેજલપુર) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૧૦/૨૦૧૮ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૮૪,૦૦૦/- અને રોકડ રૂપીયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૪,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એન.ખોખરા ચલાવે છે.

**<u>આત્મહત્યા:-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૨૫/૧૮</u>**

**મેઘાણીનગર**: ચંદ્રકાન્તભાઇ હિરાલાલ પરમાર (રહે,જોગેશ્વરીની ચાલી આશિષનગરની પાછળ રામેશ્વર મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૦/૧૮ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લાકડાના શોભ સાથે પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી નરેંદ્રસિહ દલપતસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.